"હું કહેતો'તો ને ધબડકો થશે તમારો..?!"

"ક્યાં ધબડકો થયો..?!"

"કેમ જોયું નહિ..? ન્યુઝ ચેનલના ઓપિનીયન પોલમાં ભાજપ જ જીતે છે એવું આવ્યું ને..?!"

"હં...અ... એ તો ઓપીનીયન પોલ છે..! એ તો ચૂંટણી સુધી આવ્યા જ કરવાના..! જુદી જુદી એજન્સીઓ દ્વારા ઓપીનીયન પોલ તો થવાના જ..!! અને તમે જીતવાના..!! આપણે તો ચૂંટણીના પરિણામની વાત કરીએ છીએ..!"

"એમાંય એવું જ થવાનું..!! અને તમારા દાવાઓનું સુરસુરીયુ થશે..!"

"એવું ના હોય સાહેબ..! આ વખતની તાસીર જ જુદી છે..! આ જ ઓપીનીયન પોલમાં ચારેચાર ઝોનમાં તમારા છેલ્લા ઓપીનીયન પોલ કરતાં કોંગ્રેસના મત તો વધ્યા ને..?! અને હજુ તો એક મહિનામાં જોજો ને..!! કેટલોય ફરક આવી જશે..!!"

"હા... ફરક પડશે... ભાજપની બેઠકો વધશે એમજ ને..?! ૧૫૦ પ્લસ પર પહોંચીશુ પહોંચીશુ ને પહોંચીશુ જ..!!"

"આ તો તમારો અહંકાર છે..! પરિણામ તમારૂ પાણી ઉતારશે પાણી..!!"

"અહંકાર નથી... આત્મવિશ્વાસ છે..! અમારી પાસે કાર્યકરોની ફોજ છે..! અને તમે ક્યાંય ખોવાઈ જશો... શોધ્યા નહિ જડો શોધ્યાય..!!"

"હં... અ... એટલે કેન્દ્રિય મંત્રીઓના ધાડે ધાડા રોજ આવે છે..?! એટલે તમારે જીએસટીના દર ઘટાડવા પડે છે..?! એટલે રોજ રોજ કોંગ્રેસના કાર્યકરોને તોડી લાવવા પડે છે..?! અને રોજે રોજ પત્રકાર પરીષદો કરવી પડે છે..?!"

"એ તો કરવી જ પડે ને..?! ચૂંટણીના મેદાનમાં છીએ એટલે વ્યુહ રચનાઓ તો ઘડવી જ પડે ને..?! ચૂંટણી આવતા સુધીમાં ખેડૂતો અને વેપારીઓને રાજી-રાજી કરી દઈશું... પછી જોજો તમારો ખેલ કેવો બગડે છે..?!"

"હા... એ તો અમને ખબર જ છે..! ગરજી ગરજીને જીએસટીના દેકારા-પડકારા કરતાં'તા અને કેવો જીએસટી ઘટાડવો પડ્યો..?! અમારા નેતાઓ કહેતા'તા ત્યારે તમે એમને ઉતારી પાડતા'તા..! અને હવે સુફીયાણી વાતો કરો છો..?!"

"અરે તમેય સમજ્યા વગર ભરડે રાખો છો..!! જીએસટી કાઉન્સીલ માત્ર ગુજરાતની નથી આખા દેશના નાણાંમંત્રીઓની બનેલી છે..!! ઓછું કંઈ ગુજરાત માટે જ ઘટાડ્યા છે...?!"

"સાહેબ છોકરા ના સમજાવો..! સ્વીકારી લો ગુજરાતના કારણે જ ઘટાડ્યા છે... અને હા તેનો ફાયદો ચોક્કસ આખા દેશને મળશે..! પણ તમે ભરાઈ પડ્યા'તા એટલુ સ્વીકારતાં શીખો..!"

'તમારે જે અર્થ કાઢવા હોય તે કાઢો.. પણ ફાયદો તો પ્રજાને જ છે ને..?!"

"હા... અમે પ્રજાના ફાયદા માટે જ તમારો વિરોધ કરતા'તા ને હજુય કરીએ છીએ..! કે એક જ સ્લેબ રાખો..! પણ ત્યાં તમારો

● અનુસંધાન પાન-૫ પર

તંબુ ચોકી ખાલી... - શહેરના પ્રવેશ દ્વાર સમા ઈન્દ્રોડા સર્કલ પર તંબુચોકી સાવ ખાલીખમ જણાઈ હતી... શહેરના ધમધમતા વિસ્તારમાં પણ પોલીસ વિના કોઈ અનિચ્છનિય ઘટના બનતી નથી જાણે રામરાજ્યની કલ્પના સાકાર થતી હોય એમ લાગે છે... ચૂંટણીના કારણે વીઆઈપીની અવરજવર જેવી વધશે તેમ ચોકી પણ ધમધમશે...

અમિત શાહ પક્ષના પદાધિકારીઓ સાથે આવતીકાલે બે તબક્કામાં બેઠક યોજશે

ટાઉનહોલ ખાતે બે તબક્કામાં બેઠક યોજાશે ચુંટણીલક્ષી મહત્વની ચર્ચાઓ સાથે માર્ગદર્શન પુરુ પાડશે

ગાંધીનગર તા ૧૦

ગુજરાત વિધાનસભાની આગામી ચુંટણીને અનુલક્ષી બન્ને પક્ષો જરૂરી તૈયારીમાં લાગી ગયા છે. એકબાજુ આક્ષેપો પ્રતિઆક્ષેપો વચ્ચે રાજકીય માહોલ ગરમાયો છે. જયારે જ્ઞાતિવાદના સમીકરણોની સાથે મંડરાયેલા રાજકારણના લીધે ચુંટણીલક્ષી તરેહ તરેહની ચર્ચા ચગડોળે ચઢી છે. ચુંટણીને અનુલક્ષીને ભાજપ દ્વારા ગૌરવ મહાસંપર્ક અભિયાન હાથ ધરાયુછે. આવતીકાલે ગૌરવ અભિયાનના છેલ્લા દિવસે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ગાંધીનગર આવશે. ભાજપના પ્રમુખની ઉપસ્થિતિમાં રવિવારે ટાઉનહોલ ખાતે ગાંધીનગર અમદાવાદ અને મહેસાણાની બેઠકને અનુલક્ષી કાર્યકરો સહીત પક્ષના અગ્રણીઓ સાથે ચર્ચા કરવામાં આવશે. અમિત શાહ બપોરે ૨ : ૩૦ થી ૫ કલાક દરમિયાન બે પ્રકારની બેઠકોનો દોર સંભાળશે.

વિધાનસભાની ચુંટણી દિન પ્રતિદિન નજીક આવી રહી છે. તેમ રાજકીય પક્ષોમાં ગતિવિધિઓ તેજ બનતી જાય છે. મતદારોને પોતાની તરફ કરવા તેમજ પક્ષના કાર્યકરો તેમજ અગ્રણીઓને યોગ્ય માર્ગદર્શન આપવા માટે પણ બેઠકોનો દૌર શરૂ કરી દેવાયો છે. હજુ ટીકીટોની ફાળવણીની પ્રક્રીયા બાકી હોવાના લીધે બેઠકો પર ઘણાં દાવેદારોની મુઠ્ઠી અકબંધ છે. ત્યારે રાજકીય સંગઠનને વધુ મજબુત અને અસરકારક બનાવવા માટે પણ પ્રયાસો થઈ રહયા છે. ભાજપ દ્વારા આગામી તા ૧૨ નવેમ્બરના રોજ ટાઉનહોલ ખાતે ગાંધીનગર અમદાવાદ અને મહેસાણા સહીત ત્રણ જિલ્લાને ધ્યાને લઈ બેઠકોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ કાર્યકરો તેમજ પક્ષના આગેવાન નેતાઓને પણ માર્ગદર્શન પુરુ પાડશે. સે-૧૭ માં ટાઉનહોલ ખાતે બપોરે ૨ : ૩૦ કલાકે પ્રથમ બેઠક યોજાશે. જેમાં જિલ્લા મહાનગરના પદાધિકારીઓ પ્રભારી બોર્ડ નિગમના ચેરમેન વાઈસ ચેરમેન જિલ્લા સ્તરની સહકારી સંસ્થાના ચેરમેન હાજરી આપશેજયારે બપોરે ૩ : ૩૦ કલાકે જિલ્લા મહાનગરના પદાધિકારી, પ્રભારી તેમજ વર્તમાન પ્રમુખ મહામંત્રી,શકિતકેન્દ્રના ઈન્ચાર્જ પ્રદેશ કારોબારી સભ્યો તેમજ ચુંટણી સંબધિત વિસ્તારકો હાજરી આપશે. બેઠક દરમિયાન આગામી ચુંટણીને અનુલક્ષી મહત્વની જરૂરી ચર્ચાઓ કરવામાં આવશે.

મતદારોના બદલાતા મિજાજની ટકાવારીને ધ્યાને લઈ

પાંચ હજાર કે તેથી ઓછા અંતરે વિજેતા બનેલા ભાજપના ઉમેદવારોની ટિકિટ કપાશે

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય જનતા પક્ષના પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં જુદા જુદા ઓપિનીયન પોલમાં જોવા મળેલી મતદારોની સ્વીંગને ધ્યાને રાખી ૫ હજાર કે તેથી ઓછી સરસાઈથી વિજેતા બનેલા ઉમેદવાર સામે પ્રશ્નાર્થ સાથે આગળ વધવાનો નિર્ણય લેવાયો હતો અને દરેક બેઠક પર ત્રણ નામોની પેનલ તૈયાર કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ૧૬મીએ ભાજપ પ્રથમ તબક્કાના જંગ માટેની યાદી જાહેર કરી શકે છે.

આજે મળેલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના દિકરા ભરત પટેલને પણ જંગમાં ઉતારવાને લઈ ચર્ચાઓ થઈ હતી.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦થી ૨૬ ટકા સુધી મતદારોની સ્વીંગ જુદા જુદા ઓપિનીયન પોલમાં જોવા મળી છે અને એટલે જ આજે પ્રથમ દિવસે પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં પાંચ હજાર કે તેથી ઓછા માર્જીનથી વિજયી બનેલા ઉમેદવારોની બેઠકો પર ગંભીર મંથન કરવામાં આવ્યુ હતુ. આવી બેઠકો પર નવા ચહેરાઓને તક આપવા તેમજ સાથી સંગઠનોના અભિપ્રાયને ધ્યાને લઈ આગળ વધવાની વ્યુહરચનાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે વર્તમાન રાજકીય સ્થિતિ, જ્ઞાતિ સમીકરણ, ધાર્મિક અને સમાજિક પક્કડ સહિતની બાબતો ઉમેદવારની પસંદગીમાં અગ્રસ્થાને રહેશે. જુના જોગીઓ ખાસ કરીને બે થી ત્રણ ટર્મ ચૂંટણી લડી વિજેતા બન્યા છે તેમને નો રીપીટ થિયરીમાં આવરી લેવાય તેવી શક્યતાઓ પણ વધુ છે.

આજે તો પ્રથમ તબક્કાની ચૂંટણીને ધ્યાને રાખી ઉમેદવારોની પેનલને તૈયાર કરવામાં આવી છે.

૧૬ નવેમ્બર દરમ્યાન કેન્દ્રીય મોવડીમંડળની બેઠકમાં ઉમેદવારોની આખરી પસંદગીને મહોર મારવામાં આવશે. ભાજપે દરેક જિલ્લામાં ખાસ જવાબદારી સાથે મોકલેલા ઓબ્ઝર્વર અને પ્રભારીઓના અભિપ્રાયને પણ ધ્યાને લેવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

આજે મળેલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં તેના તમામ સદસ્યોએ હાજરી આપી હતી. ભૂપેન્દ્ર યાદવ પણ આજની બેઠકમાં હાજર રહ્યા હતા.

સેક્ટર-૧ થી ૪માં સઘન સફાઈ અભિયાન યોજાયુ

ચાર સેક્ટરોમાંથી ૩૨ ટન કચરાનો નિકાલ કરાયો : દર મંગળવાર અને શુક્રવારે સઘન સફાઈ અભિયાન યોજાશે : સ્વચ્છતા સર્વેક્ષણ માટે તંત્રની કવાયત વેગીલી બની

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે સે. ૧ થી ૪માં સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ અને આ ચારેય સેક્ટરોમાંથી ૩૨ ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સ્વચ્છતા સર્વેક્ષણ-૧૮ અંતર્ગત શહેરને સ્વચ્છ બનાવવા માટે દર મંગળવાર અને શુક્રવારના રોજ આ સઘન સફાઈ અભિયાન યોજવાનો નિર્ણય મનપા દ્વારા લેવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજે સે. ૧ થી ૪માં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

૪૦૦ જેટલા સફાઈ કામદારો અને ૧૬ જેટલા વાહનોને આ સઘન સફાઈમાં જોડવામાં આવ્યા હતા અને એક જ દિવસમાં આ ચારેય સેક્ટરમાંથી ૩૨ ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાંથી સામાન્યતઃ દૈનિક ૬૦ ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવતો હોય છે.

આજે સફાઈ અભિયાન દરમ્યાન નકામા ઘાસનો નિકાલ, સુકો કચરો તેમજ સેક્ટરોના રીંગ રોડની સફાઈ હાથ ધરવામાં આવી હતી. ચોમાસાને લઈ આડેધડ ઘાસચારો ખુલ્લી જગ્યાઓમાં વધારે પ્રમાણમાં ઉગી જતો હોય છે તેમજ સુકા

● અનુસંધાન પાન-૫ પર

આજથી રાહુલ ઉત્તર ગુજરાતના પ્રવાસે

રોડ-શો, જાહેરસભા, લોકસંવાદ યોજશે : અંબાજી માતાના દર્શન કરી આશીર્વાદ મેળવશે : નોટબંધી અને જીએસટીને લઇ રાહુલ મોદી પર તીવ્ર પ્રહારો કરશે

અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાનસભાની

ચૂંટણીને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આવતીકાલે ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તા.૧૧ થી તા.૧૩ નવેમ્બર દરમ્યાન ત્રણ દિવસના ચૂંટણીપ્રવાસમાં રાહુલ ગાંધી ઉત્તર ગુજરાત અને તેના વિવિધ વિસ્તારોને ઘમરોળશે અને તેમના ૪થા ચૂંટણી પ્રવાસના અંતિમ તબક્કામાં કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધી રોડ-શો, જાહેરસભા અને લોકસંવાદ યોજી ફરી એકવાર જનતાના દિલ જીતવાનો પ્રયાસ કરશે. તો સાથે સાથે નોટબંધી અને જીએસટીના મુદ્દાઓને લઈ મોદી સરકાર અને ભાજપ પર પ્રહારો પણ કરશે. આવતીકાલે સવારે ૧૦ વાગ્યે રાહુલ ગાંધી અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરશે, તેમને આવકારવા અને સ્વાગત માટે ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ તૈયારી કરીને બેઠા છે. એરપોર્ટ પરથી નીકળ્યા બાદ રાહુલ ગાંધી સીધા ઉત્તર ગુજરાતના વિસ્તારોના પ્રવાસે નીકળશે, જેમાં સૌપ્રથમ ૧૦-૪૫ વાગ્યે ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલ ખાતે રાહુલ ગાંધીનું ભવ્ય સ્વાગત કરાશે., સવારે ૧૧-૦૦ વાગ્યે રાહુલ ગાંધીનો છાલા ગામે ખાસ સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ત્યાંથી ૧૧-૩૦એ રાહુલ ગાંધી પ્રાંતિજ ખાતે પહોંચશે અને ૧૨-૦૦ વાગ્યે ત્યાં ખેડૂતો અને સ્થાનિક આગેવાનો સાથે કોર્નર મીટીંગ યોજશે. એ પછી બપોરે ૧-૩૦ વાગ્યે રાહુલ ગાંધી સાબરકાંઠા જિલ્લાના હિમંતનગર ખાતે મહેતાપુરા ખાતે કોર્નર

● અનુસંધાન પાન-૫ પર

આજે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે

ઘરે ઘરે વિકાસ કાર્યોની પત્રિકા પહોંચાડાશે : ગુજરાત ગૌરવ મહાસંપર્કને સારો પ્રતિસાદ : જાવડેકર, સ્મૃતિ, સીતારામન, નડ્ડા, વિવિધ સ્થાનો પર હાજર રહેશે

અમદાવાદ,તા. ૧૦

ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના ભાગરુપે આવતીકાલે પણ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ પ્રચારમાં સામેલ થનાર છે અને ડોર ટુ ડોર પહોંચનાર છે. સાતમી નવેમ્બરના દિવસે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત થયા બાદથી ભાજપના રાષ્ટ્રીય નેતાઓ સતત સામેલ થઈ રહ્યા છે. આ અંગેની માહિતી આપતા ભાજપના પ્રદેશ પ્રવક્તા જગદીશ ભાવસારે આજે કહ્યું હતું કે, ૧૧મી નવેમ્બરના દિવસે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન માટે રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્ર સરકારના મંત્રીઓ પણ પહોંચનાર છે. પ્રવાસ કાર્યક્રમની વિગત આપતા તેમણે કહ્યું હતું કે, માનવ સંશાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકર રાજકોટમાં, સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન અમદાવાદમાં, માહિતી અને પ્રસારણ મંત્રી તેમજ ટેક્સટાઈલ મંત્રી સ્મૃતિ ઈરાની નવસારીમાં મહાસંપર્ક અભિયાનમાં જોડાશે. આ મહાસંપર્ક અભિયાન દરમિયાન ઘરે ઘરે ગુજરાતના ગૌરવ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંદેશો અને વિકાસ કાર્યોની પ્રત્રિકા પહોંચાડવામાં આવશે. ગુજરાતની જનતા જનાર્દનનો આશીર્વાદ મેળવવામાં આવશે. પ્રદેશ



પ્રવક્તાએ કહ્યું હતું કે, કેન્દ્રીયમંત્રી જેપી નડ્ડા માણસામાં, રામવિલાસ પાસવાન અમદાવાદમાં, કૃષ્ણપાલ ગુર્જર આણંદમાં, કૃષ્ણરાજ રાજકોટમાં, વિજય રાહતકર પાટણ, મહેસાણા, અમદાવાદમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે. ભાજપના સભ્યો, કાર્યકરો ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે.

કોળી સમાજના રાજુ સોલંકી સમર્થકો સાથે ફરી ભાજપમાં

પાંચ દિવસ પહેલાં જ કોંગ્રેસમાં જોડાયા હતા : આવેશમાં આવીને નિર્ણય લીધો હોવાનો કરેલો સ્વીકાર ભાજપે મોટુ મન રાખી કોળી સમાજના નેતાને આવકાર્યા

અમદાવાદ,તા.૧૦

ભાવનગર-સૌરાષ્ટ્રના કોળી સમાજના નેતા અને વીર માંધાતા કોળી સમાજના ભાવનગર જિલ્લાના પ્રમુખ રાજુભાઈ સોલંકી આજે તેમના સમર્થકો સાથે ફરી પાછા ભાજપમાં જોડાઈ ગયા હતા. રાજુભાઈ સોલંકી હુજ પાંચ દિવસ પહેલાં જ કોંગ્રેસમાં જોડાયા હતા પરંતુ પાંચ દિવસમાં જ તેમનું હૃદય પરિવર્તન થઈ જતાં તેઓ આજે વિધિવત્ રીતે ભાજપમાં પાછા ફર્યા હતા. તો ભાજપે પણ મોટુ મન રાખી ફરી કોળી સમાજના નેતા રાજુ સોલંકીને પક્ષમાં આવકાર્યા હતા.

ભાજપમાં જોડાયા બાદ પોતાના પ્રતિક્રિયા આપતાં કોળી સમાજના નેતા રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ક્ષણિક આવેશમાં આવી જઈને મેં ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો પરંતુ મારા સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ અને વડીલોની સમજાવટ બાદ મેં ફરીથી ભાજપમાં ફરવાનો નિર્ણય લીધો હતો. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે, મને અમારા સમાજના અગ્રણી પરસોત્તમ સોલંકી સામે ચૂંટણી લડવાનું દબાણ કોંગ્રેસ દ્વારા કરાતુ હતું, જેથી મેં ફરીથી ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો. આજે પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર, પ્રદેશ મંત્રી રાજેશ ચુડાસમા, કોળી સમાજના પ્રમુક કાળુભાઈ ડાભી, પ્રદેશ પ્રવકતા ડો.જગદીશ ભાવસાર સહિતના અગ્રણીઓની હાજરીમાં રાજુભાઈ સોલંકી તેમના સમર્થકો સાથે સત્તાવાર રીતે ભાજપમાં જોડાયા હતા. પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર અને પ્રદેશ મંત્રી રાજેશ ચુડાસમાએ સોલંકીને ભાજપનો ભગવો ખેસ પહેરાવી તેમનું પક્ષમાં સ્વાગત કર્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com